## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તારી ચિંતા દુર થઇ...હવે 5G આવે પછી હુ ગુડ મોનીંગના મેસેજ ફાસ્ટ થતા...વહેલો નહાવા જતો રહેશ...

# એકટીવા પર સવાર મહિલાના હાથમાંથી પર્સ ઝુંટવી બે શખ્સો ફરાર

### કોબા રાજધાની હોટલ સામેનો બનાવ

ગાંધીનગર, તા.૧૬

કોબા-ગાંધીનગર માર્ગ પર રાજધાની હોટલ સામે એકટીવા પર સવાર બે મહિલાનો પીછો કરી બાઈક પર સવાર ત્રણ લુંટારૂઓએ રૂ.૨૦ હજારની મત્તા ભરેલુ પર્સ આંચકી નાસી ગયા હતા. લુંટારૂઓ પર્સ ખેંચીને દોડવા જતા એક મહિલાએ હિંમતપૂર્વક ચાલુ એકટીવાએ પોતાનું પર્સ પકડી લીધુ હતું. તે દરમિયાન ઝાટકો વાગતા એકટીવા સવાર બંન્ને મહિલાઓ ૧૦ ફુટ સુધી રોડ ઉપર ઢસડાઈ હતી.જેથી ગંભીર ઈજાને પગલે પર્સ હાથમાંથી છુટી જતા લુંટારૂઓ ભાગી ગયા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૭ શિવમ સોસાયટી ખાતે રહેતી શિખાબેન દિપકભાઈ કંસારા મુળ નેપાળની વતની છે. તેના પતિ મુળ ઓફ વુડ માં ફરજ બજાવે છે. જયારે તેમના નણંદ સંગીતાબેન હાલમાં તેમની સાથે રહે છે. તેઓ પહેલા મણીનગર હેતા હતા. ગતરોજ બુધવારના રોજ શિખાબેન અને તેમના નણંદ સંગીતાબેન એકટીવા લઈને સંગીતાબેનની દિકરીનું સર્ટીફિકેટ અને જુના ઘરે સામાન લેવા મણીનગર ખાતે એકટીવા લઈને ગયા હતા. અમદાવાદ થી જરુરી સામાન તેમજ સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ લઈને ઘરે પરત આવવા માટે નીકળ્યા હતા. તે સમયે શીખાબેને પર્સ એકટીવા આગળના ભાગે પોકેટ રાખ્યું હતું. રસ્તામાં નાસ્તો કર્યા પછી તેઓ કોબા સર્કલ થી આગળ નિધિ પેટ્રોલીયમ સામેના માર્ગ પર પહોંચતા પાછળથી બાઈક પર ત્રણ લુંટારુઓ આવી ગયા હતા. જેમાં પાછળ બેઠેલા શખ્સે એકટીવામાં ભરાવેલ પર્સની તફડંચી કરી ગાંધીનગર તરફ દોડ્યા હતા. ચાલુ એકટીવાએ શિખાબેને પર્સ પકડી લીધુ હતું. જેને પગલે એકદમ ઝાટકો વાગતા બંનને જણા એકટીવા પરથી પડી જતા હાથમાંથી પર્સ છુટી ગયુ હતું. જેથી લુંટારૂઓ નાસી ગયા હતા.એકટીવા પરથી પડી જવાથી શિખાબેન અને સંગીતાબેનને શરીરે વધતી ઓછી ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સ્થાનિક નાગરીકો દ્વારા એકટીવા ખસેડ્યા હતા. શિખાબેન દ્વારા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા રૂ.૧૧ હજાર રોકડા, ૨ મોબાઈલ ફોન, ૪ હજારનો મેકઅપનો સામાન તેમજ જરીરી દસ્તાવેજ મળીને કુલ રૂ.૨૦ હજારની મત્તાની ચોરી થવા પામી છે.

## ખૂણેખાંચરેથી

- વિશ્વ યોગ દિવસની ઉજવણીની તૈયારીઓ અંગે આજે જિલ્લા કલેક્ટરે સમીક્ષા બેઠક યોજી હતી.
- ૪થી જલાઈથી શરૂ થઈ રહેલ વંદે ગુજરાત વિકાસયાત્રાના આયોજન માટે આજે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી, ઉત્પાદન અને સહકાર સમિતિની આજે બેઠક મળી હતી.
- આજે જિલ્લા પંચાયત અપીલ સમિતિની બેઠક મળશે.
- ગાંધીનગર શહેરમાંથી હવે સેન્ટ્રલ યુનિ. વડોદરા ખાતે ખસેડવામાં આવશે.
- ૨૧મી જૂને વિશ્વયોગ દિવસની ઉજવણી માટે તા. ૧૭ થી ૨૦ દરમ્યાન ખાસ તાલિમ વર્ગનું સેન્ટ્રલ વિષ્ટા ખાતે જિલ્લા પંચાયત દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં સેક્ટરોની સફાઈ કામગીરી ઠપ્પ થતાં ઠેર ઠેર ગંદકીના થર જોવા મળી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં નવીનીકરણ પામેલા બગીચાઓમાં સીસીટીવી કેમેરા મુકવા જોઈએ તેવી માંગ નગરજનોમાં ઉઠવા પામી છે.
- ગાંધીનગર અને કલોલ ગ્રામ્યના નવા નિમાયેલા મામલતદારોએ આજે તેમના હોદ્દાના ચાર્જ સંભાળી લીધા છે.
- ગાંધીનગર જિલ્લામાંથી મામલતદાર તરીકે બઢતી પામેલા ૩ નાયબ મામલતદારોને આજે ઓફિસ સમય બાદ છુટા કરવામાં આવ્યા છે.
- ગાંધીનગરમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યા હોવાથી શહેરમાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી.

# ચાર વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર, તા.૧૬

અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૧૮ માં માત્ર ૨.૩૪૦૦ ની ઉઘરાણીમાં હત્યાને અંજામ આપનાર આરોપી સેન્ટ્રલ જેલમાંથી પેરોલ જમ્પ કરીને નાસતો ફરતો હતો. જેથી એલસીબી-૨ દ્વારા ઝડપી પાડી ફરીવાર તેને જેલમાં ધકેલી દીધો છે. જયારે વર્ષ ૨૦૧૭માં આ ગુનેગારની મર્ડર કેસમાં વાડજ પોલીસે જે તે સમયે તેની ધરપકડ કરી હોવાનુ સામે આવ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે કામગીરી કરી રહ્યા છે . ત્યારે એલસીબી ટીમને બામતી મળી હતી કે અમદાવાદ મધ્યસ્થ જેલમાં હત્યાના ગુનામાં કાચા કામના કેદી તરીકે નરેશ દેવજીભાઈ મકવાણા (વાડજ) સજા ભોગવી રહ્યો હતો.તે હાઈકોર્ટમાંથી વચગાળાના જામીન બાદ નાસતો ફરતો હતો. ત્યારે ગાંધીનગર રણાસણ સર્કલ વિસતારમાં ફરી રહ્યો છે જેથી એલસીબી-૨ પીઆઈ નરેશ મકવાણાને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છેકે નરેશ મકવાણાએ વર્ષ ૨૦૧૮માં તેના સાગરીતો સામે મળીને રાત્રીના સમયે જુના વાડજ મહાકાળી ભવન ખાતે રહેતા અમિષ બુધેલના ઘરે ગયો હતો. અને રૂ.૩૪૦૦ ની ઉઘરાણી અંગે માથાકુટ થઈ હતી. તે સમેય તિક્ષ્ણ હથીયાર વડે હુમલો કરી અમિષની હત્યા કરી હતી.હુમલામાં મૃતકના પિતાને પણ ઈજાઓ થઈ હતી. પોલીસે તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.




સ્વ. માનશંકર જ્યંતિલાલ ભટ્ટના સ્મરણાર્થે તથા તેમની ૧૨૧ મી જન્મ જ્યંતિ નિમીત્તે ભાવનગર (ભાવેણા)ના પ્રખ્યાત તબલાવાદક પ્રદીપ ભટ્ટનું સન્માન તથા કોકિલાબેન ભટ્ટ (ગાંધીનગર) રચિત આઠ ગુજરાતી ગીતોની પ્રસ્તુતિની ઓડિયો સી.ડી.નું વિમોચન રવિવાર, તા. ૧૫-૫-૨૦૨૨ ના રોજ ઢળતી સાંજે અમદાવાદ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના ઓડિટોરીયમ માં યોજાયું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ચિ. ભાઈ સપ્તક ભટ્ટ અને ચિ. ભાઈ કેદાર ભટ્ટ એ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. મુખ્ય મહેમાન તરીકે મહેન્દ્રભાઈ ત્રિવેદી (પૂર્વ મંત્રી, ગુજરાત રાજ્ય), વિભાબેન દેસાઈ (વરિષ્ઠ ગાયિકા), સૌમીલભાઈ મુન્શી (ગાયક-સ્વરકાર) તેમજ અતિથી વિશેષ તરીકે સલીલભાઈ મહેતા (સુરીલી સરગમ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુપેરે સફળ સંચાલન યજ્ઞેશભાઈ આચાર્યએ કર્યું હતું. યજ્ઞેશભાઈને જયપ્રકાશ ભટ્ટ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્વરૂચી ભોજન તથા આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# શાહપુર બ્રિજ પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલક યુવકનું મૃત્યુ

### ટીંટોડાનો યુવાન શાહપુર ખાતે બહેનને મળીને ઘરે પરત જઈ રહ્યો હતો, યુવકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ, પોલીસ તપાસ શરુ,

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શાહપુર બ્રિજ પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન ગંભીર ઈજાને પગલે યુવકનું મૃત્યુ નિપજયું હતું.બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર નજીક આવેલા ટીંટોડા ગામના તરગારા વાસમાં રહેતા શંભુજી ભીખાજી ઠાકોર દ્વારા ડભોડા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ પરિવાર સાથે ઉપરોક્ત સ્થળે રહે છે. તેમની મોટી બહેન ગીતાના લગ્ન શાહપુર ગામે કરવામાં આવ્યા હતા. જેને મળવા માટે ૨૩ વર્ષિય ભાઈ દશરથ બાઈક નં. જી.જે.૧૮.ડી.એમ.-૧૯૯૦ લઈને ગયો હતો. બહેનને મળ્યા બાદ દશરથ રાત્રે દશ વાગ્યાના અરસામાં બાઈક લઈને ટીંટોડા ઘરે જવા માટે નીકળ્યો હતો. તે સમયે શાહપુર બ્રિજ પાસેથી પસાર થતા કોઈ વાહન ચાલકે બાઈકને ટક્કર મારી હતી. આ બનાવમાં કાર ચાલક ઉભો રહ્યો ન હતો જયારે દશરથને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયો હતો. બનાવની જાણ થતા ગીતાબેન તેમજ પરિવારજનો સિવિલ ખાતે દોડી ગયા હતા. જયાં તેઓએ જોયુ કે દશરથભાઈના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી ફરજ પરના તબિબ દ્વારા મરણ જાહેર કરાયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જમીયતપુરા પાસેથી વિદેશી દારુ ભરેલ કન્ટેનર એલસીબી-૨ એ પકડી પાડ્યું



આંતર રાજય દારુની હેરાફેરીનો પર્દાફાશ એલસીબી-૨ પોલીસે કરી દીધો છે. જમીયત પુરા રેલ્વે બ્રિજ પાસેથી આઈશર ટ્રક નં. જી.જે.૧૨.બી.ડબલ્યું.-૬૯૮૭ ની પાછળ આવેલા કન્ટેનરમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૦,૨૭૨ બોટલ કિં.રૂ.૩૦,૮૮,૩૨૦, આઈસર કન્ટેનર કિં.રૂ.૧૦ લાખ, મોબાઈલ ફોન નંગ-૨ કિં.૬ હજાર મળી કુલ રૂ.૪૦,૯૫, ૮૨૦ ના મુદ્દામાલ સાથે આરોપી પવનકુમાર શ્રી વિજયકુમાર જાટ (રહે. લડોકા, તા.કિલાદરા,જી.રાજૌરી, જમ્મુકશ્મીર) ને પકડી પાડી પોલીસે પ્રોહીબિશનના ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સ્કૂલ ડ્રેસ નિશ્ચિત સ્થળેથી જ ખરીદવા ફરજ પાડતી શાળા સામે પગલાં ભરવા "આપ"નું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં શાળાઓના નવા સત્રના પ્રારંભ સાથે જ ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને તેમના યુનિફોર્મ નિશ્ચિત જગ્યાએથી જ ખરીદવાની ફરજ પાડવામાં આવતી હોવાની રાવ ઉઠવા પામી રહી છે. સરકારના આદેશ અનુસાર કોઈ પણ ખાનગી સ્કૂલ કોઈપણ પ્રકારની વસ્તુ કોઈ ચોક્કસ જગ્યાએથી લેવા માટે વિદ્યાર્થીઓને દબાણ કરી શકે નહીં તેવી બાબતને અનુસંધાને ગાંધીનગર આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને આવેદનપત્ર આપી આ પ્રકારની ફરજ પાડતી ખાનગી શાળાઓ સામે તપાસ કરી કડક પગલા ભરવા માંગ કરવામાં આવી છે. આવેદનપત્ર આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ સહિતના સ્થાનિક નેતાઓએ મળીને આપ્યું હતું.




આજ રોજ ગાંધીનગર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિને નૂપુર શર્મા તથા નવીન જિંદાલના નિવેદનોને આડ બનાવીને દેશમાં વધી રહેલી ઈસ્લામિક જેહાદી કટ્ટરતા અને સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓને અનુલક્ષીને જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવા અનુરોધ કરતું આવેદનપત્ર લખીને અનુરોધ કરવામાં આવ્યો છે. આ આવેદનપત્ર ગાંધીનગર જિલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતુ જે પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ જિલ્લાના કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

## ઝુંડાલ પાસેથી વિદેશી દારૂ ભરેલી ઝેન ગાડી ઝડપાઈ

ગાંધીનગર, તા. ૧૬

અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે દારૂ ભરેલી ઝેન ગાડી મહેસાણા-અમદાવાદ હાઈવે ઝુંડાલ થઈને અમદાવાદ તરફ જવાની છે. જેથી પોલીસે ઝુંડાલ પાટનાકુવા પાસે વોચ ગોઠવી બાતમીવાળી ઝેન ગાડી નં. જી.જે.૧૮.એ.એ.-૩૪૪૨ ને પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતા વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો હતો. જયારે પોલીસે ગાડી સાથે દેત્રોજ તાલુકાના પનારગામના ૨૦ વર્ષિય જયદિપસિંહ અરવિંદસિંહ ઝાલા અને પનાર ગામના વિપુલસિંહ ભરતસિંહ ઝાલાને પકડી પાડ્યા હતા. પોલીસે ગાડીમાં તપાસ કરતા વિદેશી દારુની બોટલ નંગ-૨૩૬ કિં.રૂ. ૧,૧૬, ૦૦૦ તેમજ ગાડી ની કિં.૫૦ હજાર અને મોબાઈલ નંગ-૨ કિં.રૂ.૨૨ હજાર મળી કુલ રૂ.૧,૮૮,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડા ખાતે યોગ શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

યોગસ્ય શરણમ્ જીવનસ્ય ઉન્નતિ આઠમા વિશ્વયોગ દિવસના ઉપલક્ષ્યમાં યોગ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા આયુષ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તથા હોમિયોપેથિક સેન્ટર ખાતે યોગ શિબિરની શરૂઆત તા. ૧૪મી જૂનથી ૨૧મી જૂન સુધી શુભારંભ કર્યો છે. તા. ૧૪મી જૂન યોગ-પ્રાણાયામનું સ્વાસ્થ્યનું મહત્વ, તા. ૧૫ શ્વસનતંત્રના યોગ, તા. ૧૬ ડાયાબિટીશ યોગ, તા. ૧૭ પેટના વિવિધ રોગો, તા. ૧૮ સાંધાના દુઃખાવા, તા. ૧૯મી ચામડીના રોગ, તા. ૨૦ માનસિક રોગ વગેરે સ્વાસ્થ્ય સંબંધી વિષયક થીમ પર યોગ કરવામાં આવી રહ્યા છે.



આ યોગ દિવસની પૂર્વે ઉતામ પાદાસન, પવન મુક્તાસન, ભુંજગાસન, સલભાસન, ઉષ્ટ્રાસન, વકાસન, ત્રિકોણાસન, શવાસન, મકરાસન અને યજ્ઞાસન આસનો અને પ્રાણાયામની ટ્રેનર તરીકે ડૉ. કૌશલ નાયક, ડૉ. ઘનશ્યામભાઈ પટેલ તથા આશાવર્કર બહેનો દ્વારા નિયમિત સવારે ગ્રામ પંચાયત કચેરી ખાતે યોગાનો અભ્યાસ કરી રહ્યા છે. આમ નિયમિત યોગા-પ્રાણાયામ આસનો તથા હળવી કસરતોથી સ્વાસ્થ્ય સંબંધિત બિમારીઓમાંથી છુટકારો મળે તેવી અપેક્ષા સહ યોગનું સ્વાસ્થ્યમાં મહત્વ વિશેષ ફાળો રહ્યો છે. યોગથી શારીરિક-માનસિક તકલીફો દૂર થાય છે. નવી ઉર્જાનો સંચાર થાય છે. માનસિક તણાવ ઘટે છે, મનોબળ મજબૂત બને છે, યાદીશક્તિમાં વધારો- યોગાસનથી શરીરની ગ્રંથિઓ સારી રીતે કાર્ય કરી શકે છે, પાંચનતંત્ર સુધરે છે, સ્ત્રીમાં શરીરની સુંદરતામાં વધારો થાય છે, હૃદય અને ફેફસાં સક્રિય બને છે, લોહી શુદ્ધિકરણ, નેત્રની જ્યોતિ વધે છે. આમ યોગાસન શરીર માટે વરદાનરૂપ છે. યોગનું જીવનમાં વિશેષ મહત્વ આપવું અનિવાર્ય બન્યું છે. યોગ એ ઋષિમુનિઓએ આપેલી વિશ્વની અમુલ્ય ભેટ છે.

# સેકટર-૧૭ બાળ સંભાળ ગૃહમાંથી બે બાળકો ગુમ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ બાળ સંભાળ ગૃહમાંથી ફરીવાર બે બાળકો ગુમ થતા ચકચાર મચી જવા પામી છે. આ સંસ્થામાંથી અગાઉ પણ બાળકો ગુમ થયાની ફરીયાદો સામે આવી હતી. જયારે બે પૈકી એક બાળ કિશોર તો અગાઉ પણ ભાગી ગયો હતો. ત્યારે ફરીવાર બાળકો ગુમ થતા સંભાળ ગૃહના અધિક્ષક દ્વારા ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મેહુલ તેરૈયા સેકટર-૨૮ ખાતે રહે છે અને સરકારી બાળ સંભાળ ગૃહ ખાતે અંદાજીત દોઢ વર્ષથી ફરજ બજાવે છે.સમાજ સુરક્ષા વિભાગ દ્વારા સંચાલિત સેકટર-૧૭ બાળ સંભાળ ગૃહ છે. આ સંસ્થા દ્વારા ૬ થી ૧૮ વર્ષના બાળકોની સંભાળ અને કાળજી લેવામાં આવે છે. હાલમાં સંસ્થામાં ૧૬ જેટલા બાળકો આશ્રય લઈ રહ્યા છે. ગત તા.૧૧ ના રોજ બાળ સંભાળ ગૃહના અધિક્ષક મેહુલ તેરૈયા પર ફોન આવ્યો હતો કે આજે સવારે સાત વાગે યોગાના કલાસ પુરા થયા પછી બાળકોને નાસ્તો કરવા માટે બેરેકમાં બોલાવ્યા હતા. તે સમય દરમિયાન બે બાળ કિશોર બેરેકમાં નાસતો કરવા માટે આવ્યા ન હતા.આ બંને બાળકો ગાર્ડની નજર ચુકવી સંસ્થાના પાછળના ભાગે થી કંમ્પાઉન્ડ વોલ કુદીને નાસી ગયા હતા. જેથી મેહુલભાઈ તાત્કાલીક સંસ્થા પર આવી પહોંચીને આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી.પરંતુ બંને કિશોર અંગે કોઈ માહિતી મળી ન હતી. જયારે બે પૈકી એક કિશોર તો અગાઉ પણ સંસ્થામાંથી ભાગી ગયો હતો અને પછી પરત આવી ગયો હતો.




વૃક્ષોમાં જીવ હોય છે તેવુ આપણે પુસ્તકોમાં વાંચીએ છીએ... પરંતુ વૃક્ષો બોલી શકતા ન હોવાથી તેના પર ખીલા મારીને કે પોસ્ટર લગાવીને તેને દુઃખ આપવામાં જરાય બાકી રાખતા નથી. સેક્ટર-૬ની પોસ્ટઓફિસ નજીક ટપાલ પેટીને પોસ્ટ ઓફિસના પરિસરમાં મુકવાના બદલે એક વૃક્ષ પર ખીલ્લો મારીને લટકાવી દેવાઈ છે. પ્રકૃતિપ્રેમીઓએ આ અંગે રજૂઆત પણ કરી છે, પરંતુ ટપાલપેટીને ત્યાંથી હટાવવામાં આવતી નથી.

# ગાંધીનગર ખાતે કોંગ્રેસ પક્ષના ઉગ્ર દેખાવો, પ્રદર્શન યોજાયા

### રાજભવન તરફ કુચ કરતા ધારાસભ્યો, વરિષ્ઠ પદાધિકારીઓ, કાર્યકર્તાઓની મોટા પાયે અટકાયત કરતી પોલીસ



ગાંધીનગર, તા. ૧૬

કેન્દ્ર સરકારના ઈશારે એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટ દ્વારા સતત ત્રીજા દિવસે પૂર્વ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને પાયા વિહોણા અને ખોટી રીતે ઉભા કરેલા નેશનલ હેરાન્ડ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યા છે. કોઈ પણ પુરાવા કે હકીકતોના આધાર વિના ઈડીની વ્યક્તિગત, દ્વેષ અને રાજકીય કિન્નાખોરી માટે દુરપયોગ કરવામાં આવી રહ્યો છે. અત્યંત આઘાતજનક બાબતરૂપે પોલીસે એ.આઈ.સી.સી.ના વડામથકમાં બળજબરીપૂર્વક પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલા કાર્યકર્તા અને નેતાઓને બેરહેમીથી માર્યા હતા. સત્ય માટેની આ લડાઈ માટે એકતા અને શાંતિપૂર્વક દેખાવોને કચડી નાખવા માટે કેન્દ્રનું શાસન હતાશાપૂર્વક પાશવી બળનો ઉપયોગ કરી રહ્યું છે. ન્યાય માટેની લડત સાથે જોડાવવા અને એ.આઈ.સી.સી.ના વડામથકની કામગીરીને અવરોધવા સહિત પોલીસરાજના વિરોધમાં જગદીશ ઠાકોર, સુખરામ રાઠવા, અર્જુન મોઢવાડીયા, સિદ્ધાર્થ પટેલ, અમિત ચાવડા, પરેશ ધાનાણી, ડૉ. તુષાર ચૌધરી, પૂંજાભાઈ વંશ, શૈલેષભાઈ પરમાર, હિમંતસિંહ પટેલ, ગ્યાસુદ્દીન શેખે મહામહીમ રાજ્યપાલશ્રીને રૂબરૂમાં વિસ્તૃત આવેદનપત્ર આપી વિસ્તૃત રજુઆતો કરી હતી. રાજભવનની સામે શાતિપૂર્વક અને અહિંસક રીતે ધરણાના કાર્યક્રમમાં તમામ વરિષ્ઠ આગેવાનો, કાર્યકર્તાઓની મોટી સંખ્યામાં પોલીસે અટકાયત કરી હતી.

**Indian Institute of Teacher Education, Gujarat**
(A State Public University established by Government of Gujarat)
**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત**

**હંગામી/કરાર આધારીત મલ્ટીટાસ્કિંગ સ્ટાફ નિયુક્તિ**

આઈ.આઈ.ટી.ઈ. ખાતે મલ્ટીટાસ્કિંગ સ્ટાફ (ડ્રાયવર, પટાવાળા, મેઈનટેનન્સ) માટે હંગામી / કરાર આધારિત નિયુક્તિ કરવાની છે. જે માટે તા. ૧૭/૬/૨૦૨૨થી તા. ૨૨/૬/૨૦૨૨ સુધીમાં આઈઆઈટીઈ ખાતે પોતાની વિગત જરૂરી દસ્તાવેજ સાથે પહોંચાડવાની રહેશે. જગ્યાઓ અંગેની વિસ્તૃત માહિતી સંસ્થાના નોટિસબોર્ડ પર અને વેબસાઈટ www.iite.ac.in પર મુકવામાં આવેલ છે.

સ્થળ : ગાંધીનગર — કુલસચિવ
તારીખ : ૧૬/૬/૨૦૨૨ — આઈ.આઈ.ટી.ઈ.

**Indian Institute of Teacher Education**
Ramkrishna Paramhans Education Complex,
Nr. Mahatma Mandir, "KH"-Road, Sector-15,
Gandhinagar. Phone : 079-23243733

**ઈ-ટેન્ડર નોટીસ ૦૧/૨૦૨૨-૨૩**

આઈ.આઈ.ટી.ઈ. સેક્ટર-૧૫, ગાંધીનગર, હસ્તકના મુખ્ય સંકુલ ખાતે વર્કશોપ તેમજ સ્ટોરેજ અને સ્વિમિંગ પુલ અપગ્રેડેશન માટેની કામગીરી હેતુ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ | વર્કશોપ તેમજ સ્ટોરેજ સ્વિમિંગ પુલ અપગ્રેડેશન માટેની કામગીરી |
| ઓનલાઈન ટેન્ડર ખુલવાની તારીખ | તા.. ૧૭/૬/૨૦૨૨ |
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૪/૬/૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, ઈએમડી, ટેન્ડર દસ્તાવેજો/ડોક્યુમેન્ટ રજૂ કરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૫/૬/૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધીમાં પહોંચતું કરવાનું રહેશે. |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા. ૧૭/૬/૨૦૨૨, ૧૪:૦૦ કલાકે |

રસ ધરાવતા ઈજારદારોએ www.nprocure.com પરથી ટેન્ડર ડાઉનલોડ કરી ભરી શકે છે.

સ્થળ : ગાંધીનગર — પ્રો. (ડો.) હિમાંશુ પટેલ
તારીખ : ૧૬/૬/૨૦૨૨ — કુલસચિવ